# શ્રી ભગવાન મહાવીર સ્વામી

## નું શાસન

# મોક્ષમાર્ગમાં ચલાવનાર આત્મજ્ઞાનીના સ્વરૂપનું વર્ણન

# 'સદ્ગુરૂ'

## જૈનો જાગો

લેખાંક : ૧૫

**લેખાંકો ૧ થી ૫૮, તા. ૫-૧-૨૦૦૦ થી પુનઃ મુદ્રણ**

આપણે આગળના લેખાંકોમાં સદ્ગુરુના (છત્રીસ ગુણોયુક્ત આચાર્ય ભગવંતના) ગુણો અને લક્ષણોની વિચારણા કરી અને કેવા પ્રકારે બાળજીવોને અલ્પભવમાં લઈ જાય છે તેની વિચારણા કરી.

જૈન ધર્મમાં અને શ્રી નમસ્કાર મહામંત્રના ત્રીજા પદમાં જેને શ્રી આચાર્ય ભગવંત (સદ્ગુરુ) કહ્યા છે (જેણે દેહ અને આત્માની ભિન્નતા અનુભવી છે) અને અન્ય ધર્મોમાં જેને સંત, સુગુરુ વિગેરે શબ્દોથી બહુમાન કરેલું છે (આત્મસાક્ષાત્કાર કરેલો હોય) તેવા જ્ઞાની પુરુષ થકી જીવો મોક્ષમાર્ગમાં ચાલી શકે છે. તેનાથી નીચેની અવસ્થાવાળા મહાપુરુષો પાસેથી જીવ મોક્ષમાર્ગની સમજણ મેળવી શકે છે. (અલ્પભવી થઈ શકતા નથી)

જૈન ધર્મમાં જગતના સર્વ ધર્મો કરતા સર્વશ્રેષ્ઠ રીતે કર્મ વ્યવસ્થા સમજાવેલી છે. પૂર્વના બાંધેલા કર્મો કેવી રીતે ઉદયમાં આવે છે, ઉદયમાં આવેલા કર્મો ભોગવતા ભોગવતા નવા કર્મો ન બંધાય તેની સંપૂર્ણ જાણકારી શાસ્ત્રમાં આપેલી છે અને તેનો અનુભવ અનુભવીને (જ્ઞાનીને) હોય છે.

પ્રત્યક્ષ સદ્ગુરુ બાળજીવો માટે મોક્ષમાર્ગના દાતાર અને ભાગ્યવિધાતા કેવીરીતે બને છે તેની વિશેષ વિચારણા હવે કરીએ.

*** સત્સંગ ***

**દેહ એ સાધન છે અને આત્મા એ સાધ્ય છે. સાધન વગર સાધ્ય પ્રાપ્ત ન થાય અને સાધ્યના લક્ષ વગર સાધન નકામું છે.**

**૧) જે સાત ભયથી રહીત એવા આત્મધર્મમાં (મોક્ષમાર્ગમાં) સ્થિર થયેલ છે અને બાળજીવોને સાત ભયથી રહીત એવા આત્મધર્મમાં લાવે તેને સદ્ગુરુ કહેવાય.**

૨) જેને સર્વ ધર્મોનો આદર છે અને બાળજીવોમાં સર્વ ધર્મોનો આદર કરાવે તેને સદ્ગુરુ કહેવાય.

૩) જેને સર્વ દેવોનો આદર છે અને બાળજીવોમાં સર્વ દેવોનો આદર કરાવે તેને સદ્ગુરુ કહેવાય.

૪) જેને સર્વ જીવોમાં સમાન દ્રષ્ટિ પડેલી છે તેવી સમાન દ્રષ્ટિ બાળજીવોમાં કરાવે તેને સદ્ગુરુ કહેવાય.

૫) જેને પરમાત્મામાં અનુભવગમ્ય શ્રધ્ધા છે અને બાળજીવોમાં પરમાત્માની શ્રધ્ધાનું સ્થાપન કરાવે તેને સદ્ગુરુ કહેવાય.

૬) જેનું મતિજ્ઞાન નિર્મળ થયેલું છે અને બાળજીવોનાં મતિજ્ઞાનને નિર્મળ કરાવે તેને સદ્ગુરુ કહેવાય.

૭) જેની દ્રષ્ટિ દોષરહીત થયેલી છે અને બાળજીવોની દ્રષ્ટિ દોષરહીત કરાવે તેને સદ્ગુરુ કહેવાય.

૮) જેની વાણી દોષરહીત થયેલી છે અને બાળજીવોની વાણી દોષરહીત બનાવે તેને સદ્ગુરુ કહેવાય.

૯) જેનામાં સરળતાનો ગુણ પ્રગટ થયેલો છે અને બાળજીવોમાં સરળતા પ્રેરે તેને સદ્ગુરુ કહેવાય.

૧૦) જેને પાપ અને પુણ્ય પ્રકૃતિનો ક્ષય થયેલો છે અને બાળજીવોની પાપ અને પુણ્ય પ્રકૃતિને મંદ કરાવે (ક્ષીણ કરાવે) તેને સદ્ગુરુ કહેવાય.

૧૧) જે કર્મને આધીન જીવે છે અને બાળજીવોને કર્મને આધીન જીવડાવે તેને સદ્ગુરુ કહેવાય. (સુખ-દુઃખમાં સમદ્રષ્ટિ અને સંતોષીપણાનો ગુણ પ્રગટ થાય.)

૧૨) જેનામાં નિર્ભયતાનો ગુણ પ્રગટ થયેલો છે અને બાળજીવોમાં નિર્ભયતા સ્થપાવે તેને સદ્ગુરુ કહેવાય.

૧૩) જેનામાં સ્વાવલંબીપણાનો ગુણ પ્રગટ થયેલો છે અને બાળજીવોમાં સ્વાવલંબીપણું સ્થપાવે તેને સદ્ગુરુ કહેવાય.

૧૪) જેનું યાચકપણું ટળેલું છે અને બાળજીવોમાં યાચકપણું ટળાવે તેને સદ્ગુરુ કહેવાય.

૧૫) જેનામાંથી પરનિંદાનો દોષ ટળેલો છે અને બાળજીવોમાંથી પરનિંદાનો દોષ ટળાવે તેને સદ્ગુરુ કહેવાય.

૧૬) જેનામાંથી ક્રોધત્વ ગયેલ છે અને બાળજીવોમાંથી ક્રોધ કઢાવે તેને સદ્ગુરુ કહેવાય.

૧૭) જેનામાંથી લોભત્વ ગયેલ છે અને બાળજીવોમાંથી લોભ કઢાવે તેને સદ્ગુરુ કહેવાય.

૧૮) જેનામાંથી મોહત્વ ગયેલ છે અને બાળજીવોમાંથી મોહ કઢાવે તેને સદ્ગુરુ કહેવાય.

**આ ભવે કરો, આવતા ભવે કરો કે અનંત ભવ પછી કરો, આ ક્ષેત્રથી કરો કે અન્ય ક્ષેત્રથી કરો, ભવભ્રમણમાંથી છૂટવા માટે જીવે સદ્ગુરૂના શરણે ગયા વગર બીજો કોઈ ઉપાય નથી.**

૧૯) જેનામાંથી માયાત્વ ગયેલ છે અને બાળજીવોમાંથી માયા કઢાવે તેને સદ્ગુરુ કહેવાય.

૨૦) જેનામાંથી હિંસાત્મક ભાવ ગયેલ છે અને બાળજીવોને હિંસાથી દૂર રખાવે તેને સદ્ગુરુ કહેવાય.

૨૧) જેનામાંથી રાગત્વ અને દ્વેષત્વનો ક્ષય થયેલો છે અને બાળજીવોમાંથી રાગ-દ્વેષ મંદ કરાવે (ક્ષીણ કરાવે) તેને સદ્ગુરુ કહેવાય.

૨૨) જેને સત્યનો (આત્માનો) અનુભવ થયેલ છે અને બાળજીવોને આત્મા તરફ વાળીને ગતિ કરાવે તેને સદ્ગુરુ કહેવાય.

૨૩) જેણે સંપૂર્ણ અંતર્મુખીપણું પ્રાપ્ત કર્યું છે અને બાળજીવોને અંતર્મુખી બનાવે તેને સદ્ગુરુ કહેવાય.

૨૪) જેને મરણનો ભય ટળેલો છે અને બાળજીવોને મરણના ભયમાંથી નિર્ભયતા અપાવે તેને સદ્ગુરુ કહેવાય.

૨૫) જેણે સંસારમાં સંબધોનું સ્વરૂપ જાણ્યું છે અને બાળજીવોને સંસારનું સ્વરૂપ સમજાવે (સ્વાર્થપણું) તેને સદ્ગુરુ કહેવાય.

૨૬) જેણે જગતના પદાર્થોનું સ્વરૂપ જાણ્યું છે અને બાળજીવોને તે સ્વરૂપ લક્ષમાં આપે (નાશવંતપણું) તેને સદ્ગુરુ કહેવાય.

૨૭) જેણે સમયને ઓળખ્યો છે અને બાળજીવોને સમયનો સદ્ઉપયોગ કરાવે તેને સદ્ગુરુ કહેવાય. (આત્મકલ્યાણ)

૨૮) જેણે ક્ષેત્રનું મમત્વપણું ટાળ્યું છે (ક્ષેત્ર કાયમ છે, એ ક્ષેત્ર જીવ માટે અનિયમિત છે) અને બાળજીવોને ક્ષેત્રના (મોહના) બંધનમાંથી છોડાવે તેને સદ્ગુરુ કહેવાય.

૨૯) જેનું રસેન્દ્રિયપણું ક્ષય પામ્યું છે અને બાળજીવોને રસેન્દ્રિયપણામાંથી છોડાવે તેને સદ્ગુરુ કહેવાય.

**ભાગ્યમાં હોય અને અપાવે તે અસદ્ગુરૂ.**
**ભાગ્યમાં ન હોય અને તે અપાવે તે સદ્ગુરૂ. (ભાગ્ય પલટાવે)**

૩૦) જેણે પાંચેય ઈન્દ્રિયોના વિકારોને વશ કરેલ છે (પાંચેય ઈન્દ્રિયોના વિકારોના દોષરહીતની સ્થિતી) અને બાળજીવોને પાંચેય ઈન્દ્રિયોની ગુલામીમાંથી મુક્ત કરાવે તેને સદ્ગુરુ કહેવાય.

૩૧) જેનો દેહાત્મભાવ ટળેલો છે અને બાળજીવોનો દેહાત્મભાવ ટળાવે (મંદ કરાવે) તેને સદ્ગુરુ કહેવાય.

૩૨) જેની સુખબુધ્ધિ છૂટી ગઈ છે અને બાળજીવોમાંથી સુખબુધ્ધિ કઢાવે તેને સદ્ગુરુ કહેવાય.

૩૩) જેની માનબુધ્ધિ ટળેલી છે અને બાળજીવોમાં માનબુધ્ધિ મંદ કરાવે તેને સદ્ગુરુ કહેવાય.

૩૪) જેની સ્વાર્થબુધ્ધિ ક્ષય પામી છે અને બાળજીવોની સ્વાર્થબુધ્ધિ ક્ષય કરાવે તેને સદ્ગુરુ કહેવાય.

૩૫) જે અભિમાન રહીત થયેલ છે અને બાળજીવોને અભિમાન રહીત કરાવે તેને સદ્ગુરુ કહેવાય. (નમ્રતાનો ગુણ)

૩૬) જેનામાંથી અહંકારનો દોષ નાશ પામ્યો છે અને બાળજીવોમાંથી અહંકારનો દોષ (સ્વચ્છંદનો દોષ) કઢાવે તેને સદ્ગુરુ કહેવાય.

૩૭) જેણે પરપદાર્થોને (આત્માને છોડીને સર્વ પદાર્થોને) તુચ્છ ગણ્યાં છે અને બાળજીવોને સર્વ પદાર્થોનું (આત્માને છોડીને) તુચ્છપણું સમજાવે તેને સદ્ગુરુ કહેવાય.

૩૮) જે શુધ્ધતાને પામ્યા છે અને બાળજીવોને શુભ-અશુભમાંથી શુધ્ધમાં લઈ જાય તેને સદ્ગુરુ કહેવાય.

૩૯) જેની સર્વ ક્રિયાઓ લગભગ કર્મરહીતની હોય અને બાળજીવોને કર્મરહીત ક્રિયાઓ કરવા માટે કેવી દ્રષ્ટિ રાખીને વર્તવું તે સમજાવે તેને સદ્ગુરુ કહેવાય.

૪૦) જેણે જગતના સર્વ જીવોને આદરભાવે અથવા ઉપકારીભાવે લીધેલા છે અને બાળજીવોને જગતના જીવોને આદરભાવમાં અને ઉપકારીપણામાં કેવી રીતે લેવા તે સમજાવે તેને સદ્ગુરુ કહેવાય. (દ્વેષનો દોષ ટળવો).

*** સત્સંગનું ફળ ***

**સાત ભયથી પ્રેરાઈને જે કાંઈ શુભાશુભ તે ચાર ગતિનું ભવભ્રમણ, અને સાત ભયથી રહીત એવો આત્મધર્મ કરાવે તે મોક્ષગતિનું કારણ - સદ્ગુરૂ**

૪૧) જેનો સંસારભાવ ક્ષય થયેલો હોય અને બાળજીવોને સંસારભાવ મંદ કરાવે તેને સદ્ગુરુ કહેવાય.

૪૨) જેનો અશુભનો આરંભ અને પરિગ્રહ ક્ષય થયેલો છે અને બાળજીવોમાં અશુભનો આરંભ બંધ કરાવીને અને પરિગ્રહ પાતળો કરાવે તેને સદ્ગુરુ કહેવાય.

૪૩) જેનું જીવન સાદગીભર્યું અને તાજગી સહીત હોય અને બાળજીવોને સાદગીભર્યું અને કષાયરહીતનું જીવન કરાવે તેને સદ્ગુરુ કહેવાય.

૪૪) જે સર્વ સમયે **આનંદભર** રહે અને બાળજીવોને સર્વ સમયે **આનંદ**માં રહેતા શિખવાડે તેને સદ્ગુરુ કહેવાય.

૪૫) જેને સર્વ સમયે ચિત્તમાં સ્થિરતા અને પ્રસન્નતા હોય અને બાળજીવોને ચિત્તમાં સ્થિરતા રખાવે તેને સદ્ગુરુ કહેવાય.

૪૬) જે આગ્રહમાંથી નીકળીને અભિપ્રાયમાં રહે છે અને બાળજીવોને અભિપ્રાયમાં રહેતા કરે (જડતાનો દોષ છુટે) તેને સદ્ગુરુ કહેવાય.

૪૭) જે ક્ષમા માંગી શકે અને ક્ષમા આપી શકે અને બાળજીવોને ક્ષમા લેતાં અને આપતા કરાવી શકે તેને સદ્ગુરુ કહેવાય.

૪૮) જેનામાં કરૂણાદ્રષ્ટિનો ગુણ પ્રગટ થયેલો છે અને બાળજીવોને દયાદ્રષ્ટિમાંથી કરૂણાદ્રષ્ટિમાં લઈ જાય તેને સદ્ગુરુ કહેવાય.

૪૯) જેનામાં નિષ્કામ ભક્તિનો ગુણ પ્રગટ થયેલો હોય અને બાળજીવોને સકામ ભક્તિમાંથી નિષ્કામ ભક્તિમાં લઈ જાય તેને સદ્ગુરુ કહેવાય.

૫૦) જેને જ્ઞાન પ્રાપ્તિના કારણે જ્ઞાનદાનનો ગુણ પ્રગટ થયેલો હોય અને બાળજીવોને અભયદાન અને ગુપ્તદાનનો મહીમા સમજાવે તેને સદ્ગુરુ કહેવાય.

૫૧) જેનો વૈરાગ્ય રોમેરોમમાં વર્તાય છે અને તેવો વૈરાગ્યભાવ બાળજીવોમાં પ્રગટાવે તેને સદ્ગુરુ કહેવાય.

૫૨) જેના આત્મામાંથી સત્ય પ્રગટ થાય, બુધ્ધિમાંથી નિર્મળતા ભળે અને મુખ દ્વારા નિર્મળતાયુક્ત સત્ય મધુર અને મૃદુ વાણી પ્રગટ થાય અને બાળજીવોને દંભરહિતની બુધ્ધિ અને વિનય-વિવેક સાથેની વાણી કરાવે તેને સદ્ગુરુ કહેવાય. (વિરોધાભાસ વગરની અપૂર્વ વાણીનો ગુણ)

આવા અનેક પ્રકારના બાળજીવોના મુખ્ય મુખ્ય દોષોનું નિવારણ અને મુખ્ય મુખ્ય ગુણોનું પ્રગટપણું કરાવે તેને સદ્ગુરુ કહેવાય. અને આવી રીતે સદ્ગુરુના સત્સંગના યોગે અને બાળજીવોના અલ્પ પુરૂષાર્થ થકી બાળજીવો સમકિતપણું પ્રાપ્ત કરે છે અને ઘણા બાળજીવો માર્ગાનુસારીપણું ધારણ કરે છે. આવા પ્રકારે પ્રત્યક્ષ સદ્ગુરુ બાળજીવો માટે મોક્ષમાર્ગના દાતાર અને ભાગ્યવિધાતા બને છે. અને દેહ છૂટ્યા પછી તેની (સદ્ગુરુની) સમાધિ જગતના ઘણા જીવોને આધી-વ્યાધી અને ઉપાધીઓમાંથી મુક્તિ આપવામાં નિમિત્ત કારણ બને છે. આની વિશેષ વિચારણા યોગે કરીને ભાવિ લેખાંકમાં કરીશું.

**આનંદ આનંદ આનંદ**

**સત્સંગનો આદર બળવાન પુણ્યનું કારણ બને.**
**સત્સંગીનો આદર મોક્ષમાર્ગમાં આવવાનું કારણ બને (મુમુક્ષુપણું).**
**સત્સંગનું આરાધનપણું સમકિતનું કારણ બને.**

આ આખી સમજણ લખનાર જીવે શ્રી મહાવીર ભગવાનને માથે રાખીને, શાસનદેવીની સાક્ષીભાવે અને સમકિતી દેવ-દેવીઓના હાજરભાવે કોઈપણ પ્રકારના દુર્ભાવ રહિત, કોઈપણ પ્રકારના દ્વેષબુધ્ધિથી રહિત અને કોઈપણ પ્રકારની સ્વાર્થબુધ્ધિ રહિત આપેલ છે. અને આમાં કોઈપણ પ્રકારનો દોષ ભળ્યો હોય તો આ લખનારને મિથ્યાત્વનો દોષ લાગે. અને આ બાબતની કોઈપણ ચર્ચા-વિચારણા શ્રાવકોએ ધર્માચાર્યો પાસે જઈને કરવી અને જાણકારી મેળવી, લખનાર પ્રત્યે અભાવ ન કરવો.

Website : www.jainojago.com